Divya Bhaskar

January 24, 2016
Page No. 4
Gandhinagar Edition

સહાય

ભાટ સ્થિત એન્ટ્રેપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ ઇન્સ્ટિટ્યુટ દ્વારા વિદ્યાર્થીઓ માટે 'ન્યુ એન્ટરપ્રાઇઝ ઇનીશિયેશન ફંડ' ની સ્થાપના

# 10 વિદ્યાર્થીએ પોતાના બિઝનેશની શરૂઆત કરી

ભાસ્કર ન્યૂઝ. ગાંધીનગર



આજની યુજા પેઢી પોતાના દમ પર આગળ વધી રહી છે. શિક્ષણ મેળવી પોતાના પગ ઉપર નિર્ભર રહેવાની ઈચ્છા રાખે છે. ફેસબુકના માર્કઝુકર બર્ગની જેમ પોતાનો બિઝનેશ કરી આગળ વધવા માગે છે. ગાંધીનગર ભાટ સ્થિત એન્ટ્રેપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિસ્ટ્યુટ ઓફ ઈન્ડિયા દ્વારા કોલેજના વિદ્યાર્થીઓ માટે 'ન્યુ એન્ટરપ્રાઈઝ ઈનીશિયેશન ફંડ' ની સ્થાપના કરાઈ છે. જેના દ્વારા 10 વિદ્યાર્થીઓએ પોતાના બિઝનેશને નવી દિશા આપી છે.

સમય બદલાઈ રહ્યો છે ત્યારે માનવી પોતાના વિચારોને નવી દિશાઓ અને નવા આયામો ઉભા કરી રહ્યો છે. દાયકાઓ પહેલા વેપારીનો દિકરો જ વેપારી બની શકતો હતો. પરંતુ શિક્ષણના સહારે આજે અનેક વિદ્યાર્થીઓ પોતાનો ધંધો ચાલુ કરીને નવા શિખરો સર કર્યા છે. જેમાં વિદેશીઓ અને ભારતીયોનો સમાવેશ થાય છે. ગાંધીનગર ભાટ સ્થિત એન્ટ્રેપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિસ્ટ્યુટ ઓફ ઈન્ડિયા દ્વારા કોલેજના વિદ્યાર્થીઓના ભવિષ્યને લઈને ન્યુ એન્ટરપ્રાઈઝ ઈનીશિયેશન ફંડની સ્થાપના કરી છે.

ફંડની સ્થાપનાની શરૂઆતમાં જ કોલેજના 10 વિદ્યાર્થીઓએ ફંડ મેળવી નવો બિઝનેશ ચાલુ કર્યો છે. એક સમય હતો કે બિઝનેશ કરવા માટે લાખ્ખો રૂપિયાની જરૂરીયાત રહેતી હતી. જેમાં અનેક આશાસ્પદ વિદ્યાર્થીઓના સ્વપ્ના રોળાઈ જતા હતાં. ઈડીઆઈ દ્વારા ધંધો શરૂ કરવા માંગતા વિદ્યાર્થીઓએ સહાય કરાય છે. ઈડીઆઈએ કોલેજના ઉત્કર્ષ ગુલાટીને રેસ્ટ્રોન વ્હીલ ફૂડ ટ્રકના ધંધા માટે ₹ 3.5 લાખનો ચેક આપવામાં આવ્યો હતો. ઉત્કર્ષ દ્વારા ફૂડ ટ્રકનો નવો વિચાર લાવી બિઝનેશ શરૂ કરાયો છે. આગામી સમયમાં અમદાવાદ, દિલ્હી, પૂણે અને બેગ્લુરુ જેવા શહેરી વિસ્તારોમાં પણ ચાલુ કરશે. નીકિતા મહેશ્વરી દ્વારા સિરામીક ટાઈલ્સનો બિઝનેશ શરૂ કરાયો છે.જય મેરજા, જય સંઘવી, નીતિન ગુપ્તા, પાર્થ મહેતા, પ્રિયાંશી ઝરીવાલા, રાહુલ ગોન્સાલ્વે, સુહાની ભટાર અને યશ ભોન્ડેએ ફંડ મેળવી નવો બિઝનેશ શરૂ કર્યો છે. ઉલ્લેખનિય છેકે તમામ વિદ્યાર્થીઓના માતા પિતાનો કોઈ ધંધો નથી. પરંતુ પોતે અભ્યાસ બાદ બિઝનેશ કરવા ઈચ્છતા હતાં ત્યારે તમામને ઈડીઆઈ દ્વારા સહાય કરાઈ છે.